પેજ 3

અમિતાભ બચ્ચને ડીપી વાયર્સનો હિસ્સો રૂપિયા ૨.૪૮ કરોડમાં વેચ્યો

મુંબઈ તા. ૨૪ (પીટીઆઇ) બોલિવૂડના મેગાસ્ટાર અમિતાભ બચ્ચને સ્ટીલ વાયર ઉત્પાદક કંપની ડીપી વાયર્સ લિમિટેડમાં પોતાનો હિસ્સો ઘટાડ્યો છે, તેમણે ઓપન માર્કેટ ટ્રાન્ઝેક્શન દ્વારા લગભગ ૧ ટકા હિસ્સો રૂપિયા ૨.૪૮ કરોડમાં વેચ્યો છે. નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) પર ઉપલબ્ધ બલ્ક ડીલના ડેટા અનુસાર, અમિતાભ હરિવંશ રાય બચ્ચને મધ્ય પ્રદેશ સ્થિત આ કંપનીમાં ૦.૭૯ ટકા હિસ્સો ધરાવતા ૧,૨૩,૬૨૨ ઈક્વિટી શેર વેચી દીધા છે. આ શેર મંગળવારે સરેરાશ રૂપિયા ૨૦૦.૮૪ પ્રતિ શેરના ભાવે વેચવામાં આવ્યા હતા, જેથી આ વ્યવહારનું કુલ મૂલ્ય રૂપિયા ૨.૪૮ કરોડ થયું છે. માર્ચ ક્વાર્ટરના અંતે બચ્ચન ડીપી વાયર્સમાં ૨.૧૧ ટકા હિસ્સો એટલે કે ૩.૨૭ લાખ શેર ધરાવતા હતા.

જુહી ચાવલાએ શરૂ કરી ઓર્ગેનિક ખેતી

મુંબઈ, તા. 25: વર્તમાનમાં સોશિયલ મીડિયા પર જુહી ચાવલાની કેટલીક તસવીરો જોરદાર વાયરલ થતી જોવા મળી રહી છે. આ તસવીરોમાં તે મેથીથી લઈને ધાણા અને ટામેટાં માટે ક્યારીઓ તૈયાર કરી રહી છે. પરંતુ 58 વર્ષીય અભિનેત્રી એવું માને છે કે, આ મનને સુકૂન આપવા જેવું છે અને તે વિચારે છે કે જ્યારે આ ઊગશે ત્યારે શું હું આમને કાપીને ખાઈ શકીશ? કારણ કે, મેં આમને જાતે ઉગાડ્યા છે અને આ જ કારણે તેનું મારા માટે ખૂબ જ વધારે મહત્ત્વ હશે. મારો તેને ખાવાનો જીવ પણ નહીં ચાલે. તો મને એવું લાગે છે કે આનાથી મને વસ્તુઓનું મહત્ત્વ સમજવા અને તેમનો સાચો ઉપયોગ કરવાની શીખ મળશે.

પંજાબી સિંગરના પ્રેમમાં છે અનન્યા પાંડે

મુંબઈ, તા. 25 અનન્યા પાંડે અને પંજાબી સિંગર અર્જન ઢિલ્લોનને લઈને આ સમયે ઘણી બધી ખબરો સામે આવી રહી છે. સોશિયલ મીડિયા પર બંનેની ચેટ્સ વાયરલ થયા બાદ ફેન્સ સતત એવા અંદાજ લગાવી રહ્યા છે કે શું બોલિવૂડની જાણીતી અભિનેત્રી અનન્યા પાંડે મશહૂર સિંગર અર્જન ઢિલ્લોનને ડેટ કરી રહી છે? જોકે, અનન્યા પાંડે અને અર્જન ઢિલ્લોન તરફથી આ બાબતે કોઈ પણ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી, પરંતુ સોશિયલ મીડિયાના જમાનામાં ફેન્સને તો બસ એક નાનો સરખો ઈશારો જ કાફી હોય છે. ખરેખર આ આખો મામલો ત્યારે શરૂ થયો જ્યારે અનન્યા પાંડેએ પોતાના સત્તાવાર ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી એક ખૂબ જ પ્યારી તસવીર શેર કરી.

વિશાલ ભારદ્વાજ, શ્રીકર પ્રસાદ અને દીપા ભાટિયા ઓસ્કાર એકેડેમીમાં આમંત્રિત

નવી દિલ્હી, તા. ૨૫ (PTI): ડિરેક્ટર-કમ્પોઝર વિશાલ ભારદ્વાજ, ફિલ્મ એડિટર્સ દીપા ભાટિયા અને એ. શ્રીકર પ્રસાદ તેમ જ કોસ્ચ્યુમ ડિઝાઇનર એકા લખાણી અને કાસ્ટિંગ ડિરેક્ટર દિલીપ શંકર એવા પરલ કલાકારોમાં સામેલ છે, જેમને એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિસ દ્વારા તેના સભ્ય બનવા માટે આમંત્રિત કરવામાં આવ્યા છે.એક સફળ ફિલ્મમેકર તરીકે નામના મેળવતા પહેલા સંગીતકાર તરીકે પોતાની સિનેમા સફર શરૂ કરનાર ભારદ્વાજને આ સંસ્થામાં જોડાવા માટે એક સંગીતકાર તરીકે આમંત્રિત કરવામાં આવ્યા છે. આ ફિલ્મમેકરે હંમેશાં પોતાની ફિલ્મો માટે સંગીત તૈયાર કર્યું છે, પછી તે 'મકબૂલ', 'ઓમકારા', 'કમીને', કે 'હૈદર' હોય. તેમણે ગુલઝારની 'માચીસ'માં પણ સંગીત આપ્યું છે અને તાજેતરમાં જ મનીષ મલ્હોત્રાના પ્રોડક્શનની ફિલ્મ 'ગુસ્તાખ ઇશ્ક' માટે સંગીત તૈયાર કર્યું છે.

મની લોન્ડરિંગ કેસ: જેક્લીન ફર્નાન્ડીઝે સુપ્રીમ કોર્ટમાંથી અરજી પાછી ખેંચી

નવી દિલ્હી, તા. ૨૫ (પીટીઆઇ) સુપ્રીમ કોર્ટે ગુરુવારે બોલિવૂડ અભિનેત્રી જેક્લીન ફર્નાન્ડીઝને ૨૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં તેની સામે આરોપો ઘડવાના દિલ્હીની કોર્ટના આદેશને પડકારતી તેની અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી દીધી છે. જસ્ટિસ બી. વી. નાગરત્ના અને જોયમાલ્ય બાગચીની ખંડપીઠે જણાવ્યું હતું કે, "અરજદાર (ફર્નાન્ડીઝ)ના વકીલે કાયદા અનુસાર યોગ્ય ઉપાય મેળવવાની સ્વતંત્રતા સાથે આ સ્પેશિયલ લીવ પિટિશન પાછી ખેંચવાની પરવાનગી માંગી છે."સર્વોચ્ચ અદાલતે અરજદાર દ્વારા માંગવામાં આવેલી સ્વતંત્રતા સાથે અરજી પાછી ખેંચવાની મંજૂરી આપી હતી.

-: જાહેર નોટીસ :-

ડીસ્ટ્રીકટ: સુરત, તાલુકોઃ બારડોલીનાં મોજે ગામ: **મોટી ફલોદ** ના રે.સ.નં. ૩૧૯/૧/બ, ૨૯૪, જેનો **બ્લોક નં. ૪૨૫**, ખાતા નં. ૫૧૫, જેનો આકાર રૂા. ૧૨.૧૮ પૈસા, જેનું જરાયત જમીનનું ક્ષેત્રફળ હે.આરે.૦-૩૫-૪૧ ચો.મી. તેમજ કયારી જમીનનું ક્ષેત્રફળ હે.આરે.૦-૨૦-૨૩ ચો.મી. મળી કુલ ક્ષેત્રફળ **હે.આરે.૦-૫૫-૬૪ ચો.મી.** યાને ૫૫૬૪ ચો.મી. વાળી જુની શરતની ખેતીની જમીનના **પ્રકાશભાઇ શાંતુભાઇ પટેલ** માલીક અને ધારણકર્તા તરીકે ચાલી આવેલા છે. અને મજકુર જમીનના માલીકે, મજકુર જમીનના ટાઇટલ તદ્દન ચોખ્ખા, કલીયર, માર્કેટેબલ હોવાનું જણાવીને તેમજ મજકુર જમીનમાં તેઓ સિવાય અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, લાગભાગ ચાલી આવેલ નથી તેવું જણાવીને મજકુર જમીન હમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન બાબતે જે કોઇનો વાંધો, હિત, સંબંધ, લાગભાગ, દરદાવો કે ઇઝમેન્ટ તથા અન્ય કોઇપણ રીતે હકક હિસ્સો હોય અથવા તો કોઇ બેંક કે સંસ્થાનું લેણું હોય અગર તો તબદીલી અંગેના કોઇપણ લખાણો હોય તો તેઓએ નીચેના સરનામે **દિન-૭** માં પુરાવા સહિત લેખિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદર જમીનમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારનો હકક, હિસ્સો કે લેણું નથી અને હોય તો તે જતો કરેલો છે તેમ માની હમારા અસીલ મજકુર જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યારપછી કોઇપણ વ્યકિત કે સંસ્થાની કોઇપણ જાતની તર-તકરાર ચાલશે નહિ અને તેવી વ્યકિત/સંસ્થા/ઇસમોને કોઇપણ જાતના હકકો પ્રાપ્ત થશે નહિ, જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સરનામું:- ૨૨૧, બીજો માળ, રાજહંસ શોપીંગ, મહેશ્વરી મેડીકલ સામે, બરોડા પ્રિસ્ટેઝ, વરાછા રોડ, સુરત-૬.

ભાવેશ વી. ગજેરા
તે ઉપરોકત જમીન ખરીદનારના એડવોકેટ

પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી એ મુદ્દે ઘમાસાણ

પાસપોર્ટ એ માત્ર પ્રવાસનો દસ્તાવેજ છે એવા વિદેશ મંત્રાલયના નિવેદન પર સરકારી સૂત્રોએ વધુ ખુલાસાઓ કર્યા

વિપક્ષી નેતાઓ અને વિચારકોએ આ મામલે સરકારની આકરી ટીકા કરી

સરકાર કહે છે કે આ નિર્ણય કંઇ અમે લીધો નથી

પાસપોર્ટ એ ક્યારેય નાગરિકતાનો પુરાવો રહ્યો નથીઃ સરકારી સૂત્રો ૧૯૬૭ના કાયદા અને ૨૦૧૩ના હાઇકોર્ટના ચુકાદાનો સરકારી સૂત્રોએ આપ્યો હવાલો

નવી દિલ્હી, તા. ૨૫(PTI): પાસપોર્ટ ક્યારેય નાગરિકતાનો પુરાવો રહ્યો નથી અને છેલ્લા ૧૨ વર્ષમાં મોદી સરકાર દ્વારા આ દસ્તાવેજ અંગે કોઈ નવો નિર્ણય લેવામાં આવ્યો નથી, તેમ સરકારી સૂત્રોએ ગુરુવારે જણાવ્યું હતું.

વિદેશ મંત્રાલય દ્વારા પાસપોર્ટ એ પ્રવાસનો દસ્તાવેજ છે અને નાગરિકતાનો પુરાવો નથી તેવી સ્પષ્ટતા અંગેના મીડિયા અહેવાલો પર સૂત્રોએ જણાવ્યું હતું કે, તેમણે પાસપોર્ટ કાયદાને ટાંક્યો હતો. પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી તેવો નિર્ણય ગઈકાલે લેવાયો નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર, પાસપોર્ટ એક્ટ ૧૯૬૭ મુજબ બિન-નાગરિકોને પણ પાસપોર્ટ આપી શકાય છે. એક સૂત્રએ જણાવ્યું હતું કે, ગઈકાલે એવું નક્કી નથી કરાયું કે પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી. છેલ્લા ૧૨ વર્ષમાં પણ આવો કોઈ નિર્ણય લેવાયો નથી. પાસપોર્ટ ક્યારેય નાગરિકતાનો પુરાવો રહ્યો જ નથી. મીડિયા અહેવાલોમાં વિદેશ મંત્રાલયના અધિકારીઓને ટાંકીને કહેવામાં આવ્યું હતું કે પાસપોર્ટ એ પ્રવાસ માટેનો દસ્તાવેજ છે, નાગરિકતાનો પુરાવો નથી. તે એવો દસ્તાવેજ નથી જે નાગરિકતા સ્થાપિત કરે છે.

વિપક્ષ કોંગ્રેસે વિદેશ મંત્રાલયના નિવેદનની આકરી ટીકા કરી હતી અને આક્ષેપ કર્યો હતો કે સરકાર એવા ભારતીયોને મનસ્વી રીતે નાગરિકત્વના અધિકારો નકારવા માટેની પૃષ્ઠભૂમિ તૈયાર કરી રહી છે જેમના વિચારો સાથે તે અસંમત છે. કોંગ્રેસના જનરલ સેક્રેટરી કે. સી. વેણુગોપાલે આક્ષેપ કર્યો હતો કે ભાજપની આગેવાની હેઠળની સરકારે અગાઉ પોતાના રાજકીય એજન્ડાને અનુકૂળ કરવા માટે મતદાર યાદીમાંથી ચોક્કસ સમુદાયોના લોકોના નામ હટાવી દીધા હતા.

TMC નેતા મહુઆ મોઇત્રાએ આ મુદ્દે સરકાર પર કટાક્ષ કર્યો હતો. તેમણે X પર કહ્યું કે, એવું લાગે છે કે આજે ભારતીય નાગરિકતાનો એકમાત્ર પુરાવો હિન્દુ હોવું અને ભાજપના મતદાર હોવું તે જ છે. બીજું કંઈ ચાલશે નહીં. એઆઈએમઆઈએમના નેતા અસદુદ્દીન ઓવૈસીએ પણ આ જ વાતનો પડઘો પાડતા કહ્યું હતું કે જ્યારે પાસપોર્ટ, આધાર, મતદાર ઓળખપત્ર જેવા દસ્તાવેજો નાગરિકતાના પુરાવા નથી તો કયા છે? લાગે છે કે ભાજપનું સભ્યપદ જ હવે નાગરિકતાનો પુરાવો રહેશે. રાજ્યસભાના સાંસદ કપિલ સિબલે પણ આ મામલે સરકાર પર પ્રહારો કર્યા હતા. તો પછી કયો દસ્તાવેજ નાગરિકતાનો પુરાવો છે? બીએલઓ મારી નાગરિકતા પર શંકા કરી શકે છે અને મને મારા વોટથી વંચિત કરી શકે છે. પરિણામે ભાજપ ચૂંટણી જીતી જાય. હવે મામલો સુપ્રિમ કોર્ટના ભરોસે! તેમણે X પર કહ્યુ. ગીતકાર જાવેદ અખ્તરે વિદેશ મંત્રાલયની આ સ્પષ્ટતાને વાહિયાત ગણાવી હતી. તેમણે X પર કહ્યું, વિદેશ મંત્રાલય કહે છે કે પાસપોર્ટ એ પ્રવાસનો દસ્તાવેજ છે, નાગરિકતાનો પુરાવો નથી. ખરેખર??? તો શું તેઓ આ પ્રવાસ દસ્તાવેજ એ વ્યક્તિ ભારતીય નાગરિક છે તેની સંપૂર્ણ ખાતરી કર્યા વિના જ આપી રહ્યા છે?? આ વાહિયાત છે. સત્તાવાર સૂત્રોએ સંકેત આપ્યો છે કે ૨૦૧૩માં બોમ્બે હાઈકોર્ટના ચુકાદાઓમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પાસપોર્ટ એ નાગરિકતાનો પુરાવો નથી.

એસઆઈઆર ઓળખ માટે માન્ય દસ્તાવેજોમાં પાસપોર્ટ સામેલ: ચૂંટણી પંચ

પાસપોર્ટ ઓળખ સ્થાપિત કરવા માટેના દસ્તાવેજોમાંનો એક હતો અને ચાલુ જ રહેશેઃ અધિકારી

નવી દિલ્હી, તા. ૨૫ (પીટીઆઇ): ચૂંટણી પંચના અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું કે, મતદાર યાદીઓની ચાલી રહેલી વિશેષ સઘન સુધારણા (સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન - એસઆઈઆર) હેઠળ મતદારો માટે મતદાર યાદીમાં પોતાની પાત્રતા સાબિત કરવા માટે જરૂરી ૧૨ માન્ય સહાયક દસ્તાવેજોમાં ભારતીય પાસપોર્ટનો સમાવેશ ચાલુ જ રહેશે. વિદેશ મંત્રાલય (એમઈએ) દ્વારા પાસપોર્ટ એક્ટ ૧૯૬૭નો હવાલો આપીને પાસપોર્ટ નાગરિકતાનો પુરાવો નથી તેવું નિવેદન આપ્યા બાદ ઊભા થયેલા વિવાદ અંગેના એક પ્રશ્નના જવાબમાં અધિકારીઓએ આ વાત કહી હતી. સરકારી સૂત્રોએ રેખાંકિત કર્યું છે કે, પાસપોર્ટને ક્યારેય નાગરિકતાનો પુરાવો માનવામાં આવ્યો નથી અને પાછલા ૧૨ વર્ષમાં મોદી સરકાર દ્વારા આ દસ્તાવેજ અંગે કોઈ નવી નીતિ લાગુ કરવામાં આવી નથી. બિહાર એસઆઈઆર, આસામની વિશેષ સુધારણા અને મતદાર યાદી સુધારણાના ત્યાર પછીના તબક્કાઓ દરમિયાન, જ્યારે વ્યક્તિઓ મતદાર યાદીમાં નોંધણી કરાવવા અથવા પોતાનું નામ જાળવી રાખવા માટે અરજી કરે છે ત્યારે તેઓ જે દસ્તાવેજો સબમિટ કરી શકે છે તે ૧૨ દસ્તાવેજોમાં પાસપોર્ટ સતત સૂચિબદ્ધ રહ્યો છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, "પાસપોર્ટ ઓળખ સ્થાપિત કરવા માટેના દસ્તાવેજોમાંનો એક હતો અને ચાલુ જ રહેશે." અધિકારીએ ભારપૂર્વક કહ્યું કે "તેમાં કોઈ ફેરફાર થયો નથી." મતદાર નોંધણી અધિકારી કોઈ વ્યક્તિ મતદાર યાદીમાં સ્થાન મેળવવા માટે પાત્ર છે કે નહીં તે નક્કી કરવા માટે આ સૂચક દસ્તાવેજોમાંથી કોઈ એકની તપાસ કરે છે.

ઉત્તર જાપાનના કાંઠે ૭.૨ની તીવ્રતાનો ભૂકંપ: સુનામીની ચેતવણી નહીં

જાનહાનિ કે ગંભીર ઇજાના કોઇ અહેવાલ નહીં, આઠને સામાન્ય ઇજાઓ થઇ

આ વિસ્તારના અણુ વીજળી મથકોમાં નુકસાનના પણ કોઇ અહેવાલ નહીં

ટોક્યો, તા. 25(એપી): ગુરુવારે સવારે કામકાજ માટે લોકોના ધસારાના સમયે જાપાનના ઉત્તરીય દરિયાકાંઠે એક શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, પરંતુ દેશની હવામાન એજન્સીએ જણાવ્યું હતું કે સુનામીનો કોઈ ખતરો નથી અને કોઈ ગંભીર ઈજાના અહેવાલ નથી.

આ ધરતીકંપના કારણે ઉત્તર-પૂર્વીય જાપાનના ડઝનેક શહેરો ધ્રૂજી ઉઠ્યા હતા અને રાજધાની ટોક્યોમાં પણ તેની હળવી અસર અનુભવાઈ હતી. આ ભૂકંપ એવા વિસ્તારમાં આવ્યો છે જ્યાં તાજેતરના મહિનાઓમાં વારંવાર શક્તિશાળી ભૂકંપના અહેવાલો મળ્યા છે, જેમાં ડિસેમ્બરમાં એક સપ્તાહ લાંબી 'મેગા-ક્વેક' સાવચેતીની એડવાઈઝરી જાહેર કરાવનાર ભૂકંપ પણ સામેલ છે. હાશિકામી નગરના એક શાળાના આચાર્યાએ જણાવ્યું કે જ્યારે તેઓ ગાડી ચલાવીને નોકરી પર જઈ રહ્યા હતા ત્યારે ભૂકંપ આવતા તેમની કાર આજુબાજુ ઝોલા ખાવા લાગી હતી. તેમણે ઉમેર્યું કે શાળામાં એકઠા થયેલા તમામ બાળકો સુરક્ષિત હતા, જોકે કેટલાક બાળકો ડરના માર્યા રડી રહ્યા હતા. જાપાન હવામાન વિભાગે જણાવ્યું હતું કે ઇવાતે પ્રીફેક્ચરના પૂર્વીય દરિયાકાંઠે આવેલા આ ભૂકંપની તીવ્રતા શરૂઆતમાં 6.9 નોંધાયા બાદ સુધારીને 7.2 હોવાનું જણાવવામાં આવ્યું હતું. એજન્સીના જણાવ્યા અનુસાર, તેની ઊંડાઈ લગભગ 50 કિલોમીટર હતી. યુએસ જીઓલોજિકલ સર્વેએ પણ આ ભૂકંપ અંગે અહેવાલ આપ્યો હતો અને તેની તીવ્રતા 6.9 દર્શાવી હતી.

ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ જણાવ્યું હતું કે ઉત્તરીય પ્રીફેક્ચર્સ આઓમોરી અને ઇવાતેમાં આઠ લોકો ઘાયલ થયા છે. જાપાની મીડિયામાં કોઈ મોટી ઈજાના અહેવાલ નથી, અને જે ઈજાઓ થઈ છે તે મુખ્યત્વે પડી જવાથી અથવા ઉપરથી પડતી વસ્તુઓ વાગવાને કારણે થઈ હતી. ઉત્તર-પૂર્વીય પ્રદેશોમાં ટ્રેનોનું સંચાલન કરતી ઈસ્ટ જાપાન રેલવે કંપનીએ જણાવ્યું હતું કે સુરક્ષા તપાસ માટે કેટલીક બુલેટ ટ્રેનો અને સ્થાનિક લાઈનો અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી હતી. સરકારી પ્રવક્તા માઈનોરુ કિહારાએ જણાવ્યું હતું કે, ૨૦૧૧ ના ભીષણ ભૂકંપ અને સુનામીમાં ક્ષતિગ્રસ્ત થયેલા ફુકુશિમા દાઈચી પ્લાન્ટ પ્લાન્ટ સહિતના પરમાણુ પાવર પ્લાન્ટ્સ અને સુવિધાઓમાં ગુરુવારના ભૂકંપથી કોઈ અસામાન્યતા નોંધાઈ નથી.

રામ જન્મભૂમિ દાન ઉચાપત અંગે ગુનો દાખલ: ત્રણની ધરપકડ

આઠ આરોપીઓ અને કેટલાક અજાણ્યા શખ્સો સામે એફઆઇઆર દાખલ કરવામાં આવી

ધરપકડ કરાયેલાઓમાં રામ જન્મભૂમિ ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયના ડ્રાઇવરનો પણ સમાવેશ

ચંપત રાયનું નામ પણ એફઆઇઆરમાં હશે તેવી અટકળો હતી પણ તેમના સહિત કેટલાક મોટા માથાઓના નામ ગાયબ

અયોધ્યા, તા. ૨૫: અયોધ્યામાં રામ મંદિર ખાતે દાનમાં કથિત ઉચાપત મામલે સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) ના પ્રારંભિક અહેવાલમાં કરાયેલી ભલામણને પગલે, આઠ આરોપીઓ અને કેટલાક અજાણ્યા વ્યક્તિઓ સામે એફઆઇઆર (FIR) નોંધાયા બાદ બે લોકોની ધરપકડ કરવામાં આવી હોવાના અહેવાલ છે, જ્યારે એક અધિકારીના જણાવ્યા પ્રમાણે હજી કોઇની ધરપકડ થઇ નથી, આરોપીઓની પૂછપરછ ચાલે છે. જ્યારે મોડેથી મળેલા અહેવાલ મુજબ ચંપત રાયના ડ્રાઇવર ટિન્નુ સહિત ત્રણની ધરપકડ થઇ છે.

આ એફઆઇઆર શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય કૃષ્ણ મોહનની ફરિયાદના આધારે રામ જન્મભૂમિ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી હતી. ફરિયાદ અનુસાર, ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે આઠ આરોપીઓ રામ મંદિરમાં ચઢાવવામાં આવતી ભેટ-સોગાદોની પદ્ધતિસર ચોરી કરી રહ્યા હતા. સૂત્રોએ જણાવ્યું કે SIT ની પ્રારંભિક તપાસમાં પણ આવા જ તારણો સામે આવ્યા છે. આ આક્ષેપો અને પ્રારંભિક તપાસના તારણોના આધારે, ફરિયાદીએ ફરિયાદમાં આઠ વ્યક્તિઓના નામ આપ્યા હતા અને પોલીસને તેમની સામે એફઆઇઆર નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરવા વિનંતી કરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મંદિર ટ્રસ્ટે એફઆઇઆરમાં આઠ આરોપીઓના નામ આપ્યા છે અને કેટલાક અજાણ્યા વ્યક્તિઓ સામે પણ ગુનો નોંધ્યો છે. આરોપીઓમાં અવિનાશ શુક્લા, અનુકલ્પ મિશ્રા, મનીષ યાદવ, રમાશંકર મિશ્રા, રમાશંકર યાદવ ઉર્ફે ટિન્નુ, સુભાષ ચંદ્ર, કરુણેશ પાંડે અને અન્ય એક આરોપીનો સમાવેશ થાય છે જેમના નામની રાહ જોવાઈ રહી છે. કથિત રીતે નાણાં રિકવર થયા બાદ બે આરોપીઓ અનુકલ્પ મિશ્રા અને લવકુશ મિશ્રાની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે છ આરોપીઓને કસ્ટડીમાં લેવામાં આવ્યા છે. આરોપીઓમાંથી રમાશંકર યાદવ ઉર્ફે ટિન્નુ એ રામ જન્મભૂતિ તીર્થ ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયનો ભૂતપૂર્વ ડ્રાઇવર છે અને તેની પાસેથી દાનપેટીઓની ચાવીઓ મળી આવી હતી.

ડિજિટલ એરેસ્ટ નેટવર્કનો પર્દાફાશ: ૧૬ રાજ્યોમાં સીબીઆઇના દરોડા

સુપ્રીમ કોર્ટની વેબસાઇટને મળતા URLનો ઉપયોગ કરીને લોકોને ફસાવવામાં આવતા હતા

ગુજરાત સહિતના રાજ્યોમાં કાર્યવાહી, બે આરોપીઓની ધરપકડઃ ડિજિટલ ઉપકરણો, દસ્તાવેજો સહિતની સામગ્રી કબજે લેવાઇ

નવી દિલ્હી, ૨૫ જૂન (PTI): સીબીઆઈ (CBI) એ એક એવા નેટવર્કનો પર્દાફાશ કરવા માટે ૧૬ રાજ્યોમાં ૮૦ સ્થળોએ દરોડા પાડ્યા છે, જે સુપ્રિમ કોર્ટની વેબસાઈટને મળતી આવતી URLનો ઉપયોગ કરીને સેંકડો લોકોને 'ડિજિટલ અરેસ્ટ'ના કૌભાંડમાં ફસાવતું હતું, તેમ અધિકારીઓએ ગુરુવારે જણાવ્યું હતું.

એજન્સીએ 'ઓપરેશન ચક્ર-VI' ના ભાગરૂપે પશ્ચિમમાં પંજાબ અને ગુજરાતથી લઈને ઉત્તર-પૂર્વમાં આસામ અને મણિપુર સુધીના ૧૬ રાજ્યોમાં ૬૦ વિશેષ ટીમો તૈનાત કરી હતી, જેણે સાયબર ફ્રોડના ૨૦૦થી વધુ કેસો સાથે જોડાયેલા નેટવર્કને ધ્વસ્ત કર્યું હતું. ડિજિટલ અરેસ્ટ સ્કેમ એ સાયબર આધારિત બળજબરીથી વસૂલાતના સૌથી ઘાતક સ્વરૂપોમાંનું એક બનીને ઉભરી આવ્યું છે, જેમાં પીડિતોનો સંપર્ક પોલીસ અધિકારીઓ, કેન્દ્રીય એજન્સીઓના તપાસકર્તાઓ અથવા ન્યાયિક અધિકારીઓ હોવાનો ડોળ કરતા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવે છે. પીડિતોને ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલા હોવાની ધમકી આપવામાં આવે છે અને ધરપકડ કે કાયદેસરની કાર્યવાહીથી બચવા માટે પૈસા ચૂકવવા દબાણ કરવામાં આવે છે.

CBI એ જણાવ્યું હતું કે આ કૌભાંડના કેન્દ્રમાં ભારતની સુપ્રિમ કોર્ટની સત્તાવાર વેબસાઇટ જેવી જ છેતરામણી URL ધરાવતી વેબસાઇટ છે. CBIના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, કૌભાંડીઓએ કથિત રીતે આ કપટપૂર્વક રજીસ્ટર કરાયેલા ડોમેનનો ઉપયોગ ડિજિટલ અરેસ્ટના બહાને પીડિતોને છેતરવા માટે કર્યો હતો. સુપ્રિમ કોર્ટ ઓફ ઇન્ડિયાની રજિસ્ટ્રી તરફથી મળેલી ફરિયાદના આધારે, CBI એ FIR નોંધીને આ મામલે તપાસ શરૂ કરી હતી.

અનુસંધાન ... પાના પહેલાનું

વેનેઝુએલામાં સદીનો...

ગયું હતું, તેમજ ભૂકંપને કારણે દેશના મુખ્ય એરપોર્ટ 'સિમોન બોલિવર ઈન્ટરનેશનલ એરપોર્ટ'ને નુકસાન થયું હતું અને તે બંધ કરી દેવાયું હતું. કારાકાસમાં સબવે સેવાઓ સ્થગિત કરવામાં આવી હતી અને કુદરતી ગેસનો પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. શાળાઓમાં પણ કેટલાક દિવસો માટે રજા જાહેર કરવામાં આવશે, અને શિક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે શાળાની કેટલીક ઈમારતોનો ઉપયોગ આશ્રયસ્થાનો અને દાન કેન્દ્રો તરીકે કરવામાં આવશે. ગુરુવારે સવારે, વેનેઝુએલા અને વિદેશમાં રહેતા અસંખ્ય લોકો તેમના પરિવારના સભ્યોનો સંપર્ક કરવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. પરિવારોએ પોતાના પ્રિયજનોના ફોટા સાથે ગુમ થયેલા લોકોની પત્રિકાઓ (પોસ્ટર્સ) લગાવવાનું શરૂ કર્યું, જ્યારે અન્ય લોકો હજુ પણ લાપતા લોકોની શોધમાં નામોની હસ્તલિખિત યાદીઓ શેર કરતા જોવા મળ્યા.

દુનિયાભરમાંથી સહાયનો...

ઓપરેશનમાં તેમના પુરોગામી નિકોલસ માદુરો પકડાયા બાદ અને કેસ ચલાવવા માટે યુએસ લઈ ગયા પછી કાર્યકારી પ્રમુખ બન્યા હતા - તેમણે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો હતો.

દર્દીઓને હોસ્પિટલોમાંથી...

રહી હતી, જેમાં કેટલાક જમીન પર અને અન્ય હોસ્પિટલના બેડ પર સૂતેલા હતા. ભૂકંપને કારણે હોસ્પિટલોમાંથી દર્દીઓને પણ બહાર કાઢવામાં આવ્યા હતા.

રાષ્ટ્રીય રજાના

ઉજવી રહ્યા હતા, આ એ જાહેર રજાનો દિવસ છે જે સ્પેનથી દેશની સ્વતંત્રતા સુરક્ષિત કરવામાં મદદ કરનારી ૧૮૨૧ની એક યુદ્ધની જીતની યાદમાં મનાવવામાં આવે છે.

દેશના એરપોર્ટ...

બાળક ડરના માર્યા ચીસો પાડતું સાંભળવા મળ્યું હતું. આખું એરપોર્ટ ધ્રૂજી ઊઠતાં, ભયભીત થયેલા લોકો પોતાનો જીવ બચાવવા માટે દોડા દોડી કરી રહ્યા હતા. ભૂકંપે વીજળીના માળખાને હચમચાવી દેતાં લાઇટો ઝબકારા મારી રહી હતી.

ધરતીકંપ શેના...

ભૂકંપે મેરિડા અને કારાકાસ જેવા શહેરોને તબાહ કર્યા હતા, ત્યારે અંદાજે ૩૦,૦૦૦ લોકો માર્યા ગયા હોવાનો અંદાજ હતો. તાજેતરમાં, ૧૯૬૭ માં કારાકાસમાં એક મોટો ધરતીકંપ આવ્યો હતો, જેના કારણે ગગનચુંબી ઇમારતો ધરાશાયી થઇ હતી અને આશરે ૨૪૦ લોકોના મોત થયા હતા, જેમાંથી મોટાભાગના લોકો પાટનગરના મધ્ય વિસ્તારોના હતા.

જાહેર ચેતવણી



આથી અમો **વિજયભાઇ મહેશભાઇ રામી** આ નોટીસ આપી જાહેર જનતા તથા લાગતા વળગતા તમામ ને આ જાહેર ચેતવણી થકી જાણ કરીએ છીએ કે બાજુમાં દર્શાવેલ ફોટાવાળી વ્યકિત, **કાર્તીક મહેશભાઇ દદૈયા (રામી) મારો સગો ભાઇ** થાય છે અને તે ઘણા વર્ષોથી અમારા કુટુંબના કહયામાં નથી તથા છેલ્લા ૨૪ માસથી પોતાની રીતે અલગ રહી પોતાની મન–મરજીનું જીવન જીવતા આવેલ છે. જેથી તેની સાથે કે તેના પરીવાર સાથે મારો કે મારા કુટુંબનો કોઈપણ જાતનો સંબંધ કે સંપર્ક રહેલ નથી, તેથી મારા ભાઇને લાગતા વળગતા વ્યકિત કે તેની સાસરી પક્ષના તથા સગા /સંબંધીઓ કોઈએ તેના વિશે મારી કે મારા કુટુંબ પાસે તપાસ કે પુછપરછ કરવી/કરાવવી નહી. મારા ભાઇ સાથે મારે કે મારા કુટુંબને કોઇપણ પ્રકારના વ્યવહારો રહયા નથી જેથી કોઈ વ્યકિત કે સંસ્થાએ મારા ભાઇ સાથે મારા નામથી કે મારી ઓળખ આપી/અપાવી અથવા મારી શાખની રૂએ કોઈપણ પ્રકારના આર્થીક, સામાજીક કે રોકડ વ્યવહાર કરવા–કરાવવા નહી. આ નોટીસ બાદ કોઈપણ વ્યકિત કે સંસ્થા કોઈપણ જાતનો આર્થીક, સામાજીક, કે રોકડ વ્યવહાર કરશે/કરાવશે તો તેની કોઈપણ જાતની જવાબદારી મારી કે મારા કુટુંબની રહેશે નહી, જેની તમામ જનતાએ તથા લાગતા વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

અમારી સુચના અને ફરમાઈશ અન્વયે વિજયભાઈ મહેશભાઈરામી

ઓફીસ : ૩૦૩, રત્નસાગર એપાર્ટમેન્ટ, મીની બજાર, વરાછા મેઇન રોડ, સુરત–૩૯૫૦૦૬ મો. ૯૨૭૬૬ ૫૨૭૨૩

પિયુષ જે. મુંગલપરા
એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા જણાવવાનુ કે, નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના મોજે કુચેદ ગામના રેવન્યુ રેકર્ડના રી-સર્વે પહેલાના રેવન્યુ બ્લોક નંબર- ૫૩ નાં રી-સર્વે બાદના રેવન્યુ બ્લોક નંબર- ૫૬ ક્ષેત્રફળ હેકટર ૧-૧૧-૨૯ પ્રતિઆરે વાળી ખેતીની જમીન તેના માલીક ઠાકોરભાઈ ગોવિંદભાઈ પટેલ, રહેવાસીઃ ૫૪ લાયા ફળીયુ, આભવાગામ, સુરતનાએ તેમની સ્વતંત્ર માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનુ જણાવી હમારા અસીલને વેચાણથી આપવાનુ નકકી કરેલ છે અને હમારા અસીલે ઉપરોક્ત ખેતીની જમીન ખરીદવાનુ નકકી કરેલ છે જેથી સદરહું ખેતીની જમીનમાં જે કોઈ વ્યકિત, બેંક યા સંસ્થાનો કોઈપણ હક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, ચાર્જ, બોજો, સુખાધિકાર વિગેરે હોય તો તેમણે આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ માં લેખિત પુરાવા સહિત હમોને નીચેના સરનામે જાણ કરવી. તેમ કરવામાં કસુર થયેથી સદરહુ ખેતીની જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક હિત કે અધિકાર નથી અને હોય તો તે જતો કરેલ છે યાને કે છોડી દિધેલ છે તેમ ગણી હમારા અસીલ સદરહુ ખેતીની જમીનના પાકા લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી. સહી.

તા. ૨૫-૦૬-૨૦૨૬ **સાગર પી. રાઠોડ** (એડવોકેટ)
ઓ.: ૨૭૬૪, પ્રથમ માળે, આર એન્ડ એસ શોપીંગ સેન્ટર, પોષ્ટ ઓફિસની બાજુમાં, મુ.પો. વેસ્મા-૩૯૬૪૭૫, તાલુકાઃ જલાલપોર, જીલ્લાઃ નવસારી, ગુજરાત.
મો.: 098985 64135, ઈ-મેઈલઃ adv_sprathod@yahoo.com

વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા જણાવવાનુ કે, નવસારી જીલ્લાના જલાલપોર તાલુકાના મોજે સીમલક ગામના રેવન્યુ રેકર્ડના ગામના નમુના નંબર- ૮-અ જમીનની ખાતાવહીના ખાતા નંબર- ૩૨૮ ના પ્રમોલગેશન પહેલાના રેવન્યુ બ્લોક નંબર- ૪૬૩ નાં રી-સર્વે પછીના રેવન્યુ બ્લોક નંબર- ૨૩૨ ક્ષેત્રફળ હેકટર ૦-૬૨-૦૪ પ્રતિઆરે આકાર રૂા. ૮.૩૫ પૈસાવાળી ખેતીની જમીન તેના માલીકો (૧) ઝુબેદા હુસૈન ગોરા, (૨) મહમદ અહમદ ગોરા, (૩) યુસુફ અહમદ ગોરા, (૪) ખતિજાબીબી અહમદ ગોરા તે સોયેબ શેખજીની પત્ની, (૫) ઈસ્માઈલ અહમદ ગોરા, (૬) સબીહા ઈસ્માઈલ ગોરા, (૭) અબુબકકર ઈસ્માઈલ ગોરા, (૮) રાબીયા હુસૈન ગોરા ઉર્ફે રાબીયા ગોરા, (૯) હાસીમ હુસૈન ગોરા ઉર્ફે હાસીમ ગોરા, (૧૦) મહમદ હુસૈન ગોરા ઉર્ફે મહમદ ગોરા, (૧૧) ફાતીમા હુસૈન ગોરા, (૧૨) હુસૈન ઈસ્માઈલ ગોરા, (૧૩) જૈનબ ઈસ્માઈલ ગોરા, (૧૪) બીલાલઅહમદ હુસૈન ગોરા, (૧૫) રાસીદા ઈસ્માઈલ ગોરા, તથા (૧૬) ઝકરીયા હુસૈન ગોરાએ તેમની સંયુક્ત માલિકી કબજા ભોગવટાની ચાલી આવેલી હોવાનું જણાવી હમારા અસીલને વેચાણથી આપવાનુ નકકી કરેલ છે અને હમારા અસીલે ઉપરોક્ત ખેતીની જમીન ખરીદવાનુ નકકી કરેલ છે જેથી સદરહુ ખેતીની જમીનમાં જે કોઈ વ્યક્તિ, બેંક યા સંસ્થાનો કોઈપણ હક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, ચાર્જ, બોજો, સુખાધિકાર વિગેરે હોય તો તેમણે આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં લેખિત પુરાવા સહિત હમોને નીચેના સરનામે જાણ કરવી. તેમ કરવામાં કસુર થયેથી સદરહુ ખેતીની જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક હિત કે અધિકાર નથી અને હોય તો તે જતો કરેલ છે યાને કે છોડી દિધેલ છે તેમ ગણી હમારા અસીલ સદરહુ ખેતીની જમીનના પાકા લખાણો કરાવી લેશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી. સહી.

તા. ૨૫-૦૬-૨૦૨૬ **સાગર પી. રાઠોડ** (એડવોકેટ)
ઓ.: ૨૭૬૪, પ્રથમ માળે, આર એન્ડ એસ શોપીંગ સેન્ટર, પોષ્ટ ઓફિસની બાજુમાં, મુ.પો. વેસ્મા-૩૯૬૪૭૫, તાલુકાઃ જલાલપોર, જીલ્લાઃ નવસારી, ગુજરાત.
મો.: 098985 64135, ઈ-મેઈલઃ adv_sprathod@yahoo.com

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ભરૂચ ડીસ્ટ્રીકટ, હાંસોટ સબ-ડીસ્ટ્રીકટના મોજે રાયમાના નવો બ્લોક/સર્વે નં.૭૩, જુનો બ્લોક/સર્વે નં.૧૮૧, ખાતા નં.૫૭૩, જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૬૯-૪૦ ચો.મી., જેનો આકાર રૂા ૫.૮૦ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન સુરેશભાઈ ગોપાલભાઈ પટેલ નાએ સદરહુ જમીન પોતાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ છે, સદરહુ જમીનના ટાઈટલ સંપુર્ણ કલીયર હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેમ છતાં સદરહુ જમીન ઉપર બેંક, સંસ્થા, વ્યકિત યા હરકોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, બોજો, દર-દાવો, સાટાખત, બાનાખત હોય તો તેમણે દિન-૭ માં હમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવુ. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી અને જો હોય તો તે છોડી દીધા યાને વેવ કરેલ છે તેમ ગણી હમારા અસીલ ઉપરોકત જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સરનામું : બી/૨૦૩, સિધ્ધીવિનાયક રેસીડેન્સી, ભાઠા, પાલ–હજીરા રોડ, સુરત. મો. ૯૯૯૮૦૨૮૫૮૭

પ્રકાશ ડી. મોરે
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ અરેઠના મોજે ગામ તડકેશ્વર ના નીચે શીડયુલમાં જણાવેલ જુની શરતની ખેતીની જમીનો,

નં.	બ્લોક નંબર	માલીકનું નામ	ખાતા નંબર	ક્ષેત્રફળ	આકાર રૂા.પૈસા
૧	૭૭૩	મહમદ ફારૂક કાસમ રાજા	૧૦૬૯	૨-૦૦-૩૨	૧૫-૦૦
૨	૭૭૪	મહમદ ફારૂક કાસમ રાજા	૧૦૬૯	૦-૯૬-૧૧	૬-૩૨
૩	૭૦૨	મોહમદ હનીફ કાસમ મુસા રાજા	૧૪૨૬	૧-૧૬-૩૬	૯-૦૬
૪	૬૯૭	કાસમભાઈ મુસાભાઈ રાજા	૨૯૬	૨-૪૮-૮૮	૧૬-૫૦

ઉપરોકત જમીનોના માલીકો પાસેથી સદર જમીનો મારા અસીલે વેચાણ લેવાનુ નકકી કરેલ છે, આથી ઉપરોકત જમીનો બાબતે કોઇ પણ શખ્સ, સંસ્થા કે અન્ય કોઇના કોઇ પણ પ્રકારના હકક, હિત, હિસ્સો, સંબંધ, અધિકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો, હરકત હોય યા કોઇના ખાધા-ખોરાકી, ભરણપોષણમાં હોય યા કોઈપણ વ્યકિતના વારસોનો હકક, હિત, હિસ્સો, વાંધો હોય કે સદર જમીનોમાથી કોઇના કોઈપણ પ્રકારના આવવા-જવાના રસ્તાના હકકો હોય યા કોઈના કોઈપણ પ્રકારના બાનાખતો, સોદાચીઠી યા કોઈપણ પ્રકારના હકક-અધિકાર હોય તો તો તેણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ મા હમોને નીચે જણાવેલ સરનામે દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમા જાણ કરવી, જો તેમ કરવામા કસુર કરવામા આવશે તો આ નોટીસની મુદત વિત્યે કોઇ પણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હકક, હિત, હિસ્સો, સંબંધ, અધીકાર, ચાર્જ, બોજો, લીયન, દર-દાવો કે કોઇ પણ જાતનો વાંધો, હરકત નથી અને હોઇ તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે તેમ માની મારા અસીલ સદર જમીનોના પાકા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર, દાવો, ફરીયાદ ચાલશે નહિ જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

એલ/૨૪,૨૫, સીલ્વર પોઈન્ટ, ભટાર રોડ, વિદ્યાભારતી સ્કુલની સામે, સુરત
મો.નંઃ ૯૮૨૪૧૩૫૦૩૫. તા.૨૫/૬/૨૬

મારી મારફત :
દિપક એન. પ્રજાપતી
એડવોકેટ એન્ડ નોટરી